


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-16 ■ તા. 11-04-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## દેશમાં કોરોના બન્યો બેફામ: ૨૪ કલાકમાં રેકોર્ડ ૧.૪૪ લાખથી વધુ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૧૦

દેશમાં કોરોનાના કારણે સતત પરિસ્થિતિ ખૂબ જ ખરાબ બની રહી છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડ ૧ લાખ ૪૪ હજાર ૮૨૯ કેસ નોંધાયા છે. ગયા વર્ષે વાયરસનું સંક્રમણ શરૂ થયા પછીથી અત્યારસુધીમાં એક જ દિવસમાં નોંધાયેલા આ દર્દીની સંખ્યા સૌથી વધુ છે. આ પહેલાં ગુરુવારે ૧.૩૧ લાખ કેસ નોંધાયા હતા.

એક્ટિવ કેસ એટલે કે જે દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે તેમની સંખ્યા પણ ખૂબ વધી છે. શુક્રવારે દેશભરમાં ૭૭ હજાર ૧૯૯ લોકો સાજા થયા હતા, જ્યારે ૭૭૩ દર્દીનાં મોત નીપજ્યાં હતાં. એવી રીતે એક્ટિવ કેસમાં ૬૬ હજાર ૭૬૦નો વધારો થયો છે. દેશમાં હવે ૧૦ લાખ ૪૦ હજાર ૯૯૩ દર્દી સારવાર લઈ રહ્યા છે. આ આંકડો કોરોનાના પાછલા તબક્કાની પીક કરતાં ઘણા વધારે પહોંચ્યો છે. ગત વર્ષે ૧૭ સપ્ટેમ્બર સંક્રમણનો પીક દિવસ હતો. આ દિવસે દેશમાં સૌથી વધુ ૧૦.૧૭ લાખ એક્ટિવ કેસ હતા. ત્યાર બાદ આ આંકડા ઘટવા લાગ્યા હતા, પરંતુ હવે ફરીથી પરિસ્થિતિ ભયજનક બની રહી છે.

રિકવરી રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. એક જ દિવસમાં એ ૯૧.૭૬%થી ઘટીને ૯૦.૮% થઈ ગયો. છેલ્લાં ત્રણ અઠવાડિયામાં એમાં આશરે ૮%નો ઘટાડો નોંધાયો છે. છત્તીસગઢમાં સૌથી નીચો ૮૦.૫% અને મહારાષ્ટ્રમાં ૮૨% દર્દીઓ સ્વસ્થ થયા છે. અહીં એક્ટિવ રેટ ખૂબ વધુ છે. છત્તીસગઢમાં હાલમાં ૧૮.૪% છે અને મહારાષ્ટ્ર ૧૬.૩% એક્ટિવ રેટ છે.રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઈજીજી)ના વડા મોહન ભાગવત કોરોના પોઝિટિવ બન્યા છે. તેમને નાગપુરની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગયા સોમવારે ભાગવત હરિદ્વાર ગયા હતા, જ્યાં તેમણે કુંભમેળામાં ભાગ લીધો હતો. તેમણે ગંગામાં ડૂબકી પણ લગાવી હતી.દેશમાં અત્યારસુધીમાં ૧ કરોડ ૩૨ લાખ ૨ હજારથી વધુ લોકોને આ સંક્રમણ લાગ્યું છે, તેમાંથી ૧ કરોડ ૧૯ લાખ ૮૭ હજાર લોકો સાજા થયા છે,



જ્યારે ૧ લાખ ૬૮ હજાર ૪૬૭ દર્દી મૃત્યુ પામ્યા છે. ૧૦ લાખ ૪૦ હજાર ૯૯૩ દર્દી સારવાર લઈ રહ્યા છે. અત્યારસુધીમાં ૯ કરોડ ૫૦ લાખથી વધુ લોકોને વેક્સિન આપવામાં આવી છે.

## બંગાળમાં 'દીદી' અને ટીએમસીની મનમાની ચાલવા દઈશું નહી: પીએમ મોદી

સિલીગુડી,તા.૧૦

પશ્ચિમ બંગાળમાં ચોથા તબક્કાના મતદાન વચ્ચે ૫મા તબક્કાનો પ્રચાર ચાલી રહ્યો છે. આ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ સિલીગુડીમાં ભાજપની ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા છે. પીએમએ પોતાની જનસભામાં મમતા બેનર્જી અને સત્તારૂઢ ટીએમસી પર હુમલો કરતાં કહ્યું, બંગાળમાં 'દીદી' અને ટીએમસીની મનમાની ચાલવા દઈશું નહી. પ્રધાનમંત્રીએ કહ્યું, ૨ મેના રોજ બંગાળમાં ભાજપની સરકાર આવી રહી છે ત્યારબાદ પ્રદેશને કટમની સાથે મુક્ત કરાવવામાં આવશે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું- 'તુષ્ટિકરણના રાજકારણએ બંગાળને બરબાદ કરી દીધું છે. દીદીના લોકો અને ટીએમસીના ગુંડા જનતાને ધમકાવી રહ્યા છે. એટલા માટે તેમને સમજાવવા જોઈએ કે દીદી બંગાળની ભાગ્યવિધાતા નથી. હારના કારણે દીદીના ગુંડા ગભરાઈ ગયા છે. દીદીના ૧૦ વર્ષના રાજની આ જ સચ્ચાઈ છે. એટલા માટે અમે વાયદો કરીએ છીએ કે તોલાબાજ અને કટમની મુક્ત સરકાર આપીશું.

પ્રધાનમંત્રીએ પોતાના ભાષણની શરૂઆત પોતાને ચાવાળા ગણાવતાં કરી હતી. જનસભામાં પીએમ મોદીએ એ પણ કહ્યું કે 'દીદીને મારા પર ગુસ્સો આવી રહ્યો છે. દીદીએ ગરીબો, દલિતોની સાથે અન્યાય કર્યો છે. દીદીને પોતાના કામનો હિસાબ આપવો જોઈએ. એટલે હવે બંગાળને બદલવાનો સમય આવી ગયો છે.'



પશ્ચિમ બંગળના કૂચબિહાર જિલ્લામાં શનિવારે સ્થાનિક લોકો દ્વારા હુમલો કર્યા બાદ સીઆઈએસએફએ કથિત રીતે ગોળીઓ ચલાવી જેમાં ચાર લોકોના મોત થયા છે. એવો આરોપ છે કે સ્થાનિક લોકોએ સીઆઈએસએફ જવાનોની રાઈફલ ઝૂંટવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસના એક અધિકારીએ જણાવ્યું, આ ઘટના સીતલકૂચીમાં થઈ જ્યારે મતદાન ચાલી રહ્યું હતું. એક ગામમાં પોતાની ઉપર હુમલો કર્યા બાદ સીઆઈએસએફ જવાનોની ગોળીબારીમાં ચાર લોકોના મોત થયા છે. ત્યાં હાથાપાઈ થઈ અને સ્થાનિક લોકોએ તેમનો ઘેરાવો કરી દીધો અને તેમની રાઈફલો ઝૂંટવવાના પ્રયત્ન બાદ કેંદ્રીય બળોએ ગોળીઓ ચલાવી.

### ગાંધીનગર મનપાની ચૂંટણી અંતે મુલતવી

## ગાંધીનગર મનપાની ચૂંટણી અંતે મુલતવી,



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આખરે રાજ્યમાં કોરોનાના કેસ વધવાને પગલે મુલતવી રાખવાની રાજ્ય ચૂંટણીપંચ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગાંધીનગર મનપાની ૧૮ એપ્રિલે યોજાનારી ચૂંટણી હાલના સંજોગોમાં ન કરવા રજૂઆત કરી હતી. કોરોનાની સ્થિતિ સુધર્યા બાદ નવી તારીખની જાહેરાત કરાશે.

રાજ્ય ચૂંટણીપંચે જાહેરાત કરી છે કે, કોરોનાની સ્થિતિ જોતાં હાલ પૂરતી ચૂંટણી મુલતવી રાખવામાં આવે છે. ચૂંટણી પંચ કોરોનાની સ્થિતિ સુધર્યા બાદ નવી સ્થિતિનું આકલન કરશે અને ત્યારબાદ નવી તારીખ જાહેર કરશે. માત્ર મતદાન અને પ્રચારનો સમયની જ નવેસરથી જાહેરાત થશે.મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી મોકૂફ રાખવા માટે રાજ્ય ચૂંટણી પંચને દરખાસ્ત કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં કોરોના સંક્રમણના વધતા વ્યાપ અને ગતિને ધ્યાનમાં રાખી વધુ લોકો સંક્રમિત ના થાય તેમજ કોરોનાને નિયંત્રણમાં રાખી શકાય તે માટે ચૂંટણી પ્રવર્તમાન સંજોગોમા મુલતવી રાખવા દરખાસ્ત કરી હતી.

મુખ્યમંત્રીએ રાજ્ય ચૂંટણી પંચને પત્ર પાઠવીને જણાવ્યું હતું કે,'આ સામાન્ય ચૂંટણીઓમાં વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો કાર્યકરો સમર્થકો પ્રચાર માટે મોટી સંખ્યામાં જોડાય તે સ્વાભાવિક છે. એટલું જ નહી ચૂંટણી કામગીરીમાં પણ મોટી સંખ્યામાં કર્મચારીઓ અધિકારો ફરજ પર રહેતા હોય છે. આવા સંજોગોમાં કોરોના સંક્રમણ વ્યાપક પણે વધવાની પૂરી શક્યતાઓ રહેલી છે. રાજ્ય ચૂંટણી પંચ આ બધી બાબતોનો વિચાર કરી ગાંધીનગર મહાનગપાલિકાની સામાન્ય ચૂંટણીઓ વિશાળ જનહિતમાં મોકૂફ રાખે.'

ઉલ્લેખીનીય છે કે, માર્ચ મહિનામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચૂંટણી યોજાયા બાદ રાજ્યમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. ગાંધીનગરના સામાજિક સંગઠનો અને નાગરિકો ચૂંટણીનો પહેલાંથી જ વિરોધ કરી રહ્યાં હતા. ત્યારે અગાઉ આમ આદમી પાર્ટીએ જ્યારે બે દિવસ પહેલાં કોંગ્રેસ અને ગઈકાલે બસપા જેવી રાજકીય પાર્ટીઓએ ચૂંટણી મોકુફ રાખવા માટે રજૂઆતો કરી હતી. ત્યારે શુક્રવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ ચૂંટણી મોકુફ રાખવાની દરખાસ્ત કરી હતી

## મૃત્યુના આંકડા મુદ્દે મુખ્યમંત્રીનો ખુલાસો, કોમોર્બિટને કારણે થતા મૃત્યુને અમે ગણતા નથી

ગાંધીનગર, તા.૧૦

આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ધન્વંતરી રથનું લોકાર્પણ કરાયું છે. રાજ્ય મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા યોજના અમલમાં ૨૨ જિલ્લામાં હયાત ૩૪ રથમાં વધુ ૨૦ રથ ઉમેરવામાં આવ્યા છે. આ પ્રસંગે મીડિયાને સંબંધોનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોનાથી થતા મોત મામલે જે સ્પષ્ટતા કરી તે વાત ગળેથી ઉતરે તેમ નથી. સરકારી ચોપડે રોજ ૪૦ થી ૫૦ જેટલા મોતના આંકડા સમગ્ર ગુજરાતમાં બતાવવામાં આવે છે. પરંતુ સ્મશાનોમાં સળગી રહેલી ચિતાઓ અને કોરોના ગાઈડલાઈનથી થતા અંતિમ સંસ્કાર કંઈક અલગ જ વાત સૂચવે છે. ત્યારે આ મામલે મુખ્યમંત્રીએ કહ્યું કે, એક વર્ષથી કોરોનાથી મૃત્યુના આંકડાના અંગે વિસંગતતા અને ચર્ચા ચાલે છે. અમને આંકડા છુપાવવાનુ કારણ કોઈ નથી. આંકડા છુપાવીને અમને કોઈ લાભ નથી. કોરોનાથી અમારા રજિસ્ટ્રેશનમાં થાય છે તે બતાવીએ છીએ. મૃત્યુમાં પ્રાઈમરી કારણ અને સેકન્ડરી કારણ જોવામાં આવે છે.

## બિહારમાં ઈન્સ્પેક્ટરની હત્યા કરનાર મુખ્ય આરોપી ટુકટુકસિંહ ગુજરાતમાંથી ઝડપાયો

સીતામઢી,તા.૧૦

બિહારના સીતામઢીમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર દિનેશ રામ મર્ડર કેસમાં પોલીસે મોટી કાર્યવાહીને અંજામ આપ્યો છે. સીતામઢી પોલીસની સ્પેશિયલ ટીમે હત્યાના આરોપી ટુકટુકસિંહની ગુજરાતમાંથી ધરપકડ કરી છે. જેને સ્થાનિક કોર્ટ તરફથી ટ્રાન્ઝિટ રિમાન્ડ પર સીતામઢી લાવવામાં આવી રહ્યો છે. પકડાયેલા ગુનેગારની ઓળખ સહિયારા પોલીસ સ્ટેશન વિસ્તારના મહાદેવ ગામના રહેવાસી સન્દ્રસિંહના પુત્ર શિવમસિંહ ઉર્ફે ટુકટુક તરીકે થઈ છે.પોલીસે જણાવ્યું, ગુપ્ત માહિતીના આધારે એસપી સીતામઢીના નેતૃત્વમાં બનાવવામાં આવેલી સ્પેશિયલ ટીમે ગુજરાતમાંથી ટુકટુકસિંહની ધરપકડ કરી હતી. હવે તેને સીતામઢી લાવવામાં આવી રહ્યો છે. સમગ્ર ઘટના અંગે મેજરગંજ પોલીસ સ્ટેશનમાં ૩૪/૨૧નો ગુનો નોંધવામાં આવ્યો હતો. ધરપકડની માહિતી સીતામઢીના એસપીએ આપી છે.

૨૪ ફેબ્રુઆરીના રોજ પોલીસને બાતમી મળી હતી કે, સીતામઢી જિલ્લાના મેજરગંજના કુંવારી ગામે ગેરકાયદેસર દારૂની દાણચોરી કરવામાં આવી રહી છે. તેની તપાસ માટે એક ટીમ કુંવારી ગામમાં દોડી ગઈ હતી. સબ ઈન્સપેક્ટર દિનેશ રામ ટીમને લીડ કરી રહ્યા હતા. દરોડા દરમિયાન ગુનેગારોની ગોળીથી તત્કાલીન એસઆઈ દિનેશ રામ શહીદ થયા હતા. જ્યારે ચોકીદાર લાલબાબુ પાસવાનને ગોળી વાગતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

ઈન્સ્પેક્ટર દિનેશ રામ હત્યા કેસમાં ત્રણ નામના અને કેટલાક અજાણ્યા ગુનેગારો સામે કેસ નોંધવામાં આવ્યો હતો. જેમાં ઘટનાને તુરંત બાદ કાર્યવાહી કરતા એક ગુનેગારને ઠાર મરાયો હતો. જ્યારે કેટલાક ગુનેગારોને પોલીસે પકડીને જેલમાં મોકલી દીધા. ઘટના બાદ એક આરોપી શિવમ ઉર્ફે ટુકટુક ફરાર હતો. જેથી હવે પોલીસે તેની ગુજરાતમાંથી ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમેરિકાના પ્રમુખ બાઈડેન ફરીથી વિવાદોમાં સપડાયા, દિકરા હંટરના રંગીન મિજાજનો થયો ઘટસ્ફોટ

વૉશિંગટન,તા.૧૦

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનના દિકરા હંટર બાઈડનના ઈલેઈલ લીક થઈ ગયા છે. જેમાં સનસનાટીપૂર્ણ ખુલાસા થયા છે. દાવો કરવામાં આવ્યો છે કે, હંટર બાઈડને લાખો ડોલર વેશ્યાઓ, ડ્રગ્સ અને લક્ઝરી ગાડીઓ પર ખર્ચ કર્યા હતાં. તેને ડ્રગ્સ, દારૂ અને સેક્સની લત લાગી ગઈ હતી.

એટલુ જ નહીં હંટર બાઈડનના પિતા રાષ્ટ્રપતિ હોવા છતાંયે હંટરને ટેક્સ ચોરીના કેસમાં જેલમાં જવાનો ડર લાગતો હતો. ડેઈલી મેલે હંટરના લેપટોપ પરથી એક્સપર્ટ દ્વારા ૧૦૩,૦૦૦ ટેક્સ મેસેજ, ૧૫૪,૦૦૦ ઈમેઈલ, ૨૦૦૦થી વધારે તસવીરો મેળવી હતી અને અનેક મહત્વના ખુલાસા થયા છે.

અમેરિકાના પ્રમુખ જો બાઈડેનનો પરિવાર ફરીથી વિવાદોમાં સપડાયો છે. જો બાઈડેનનો દીકરા હંટર બાઈડેનને ડ્રગ્સ અને સેક્સની લત હોવાનો ખુલાસો મીડિયા અહેવાલોમાં થયો હતો. એટલું જ નહીં, અસંખ્ય મેસેજ-વીડિયો-ફોટોઝ લીક થયા હતા.અમેરિકાના પ્રમુખ જો બાઈડેનના પરિવારની લાઈફસ્ટાઈલ વિવાદોમાં ઘેરાતી રહી છે. અગાઉ જો બાઈડેનની દીકરી એશ્લેને ડ્રગ્સનું વ્યસન હોવાનો ઘટસ્ફોટ થયો હતો. ૧૯૯૯માં એશ્લેની નશીલા પદાર્થો સાથે ધરપકડ પણ થઈ હતી. ત્યાર બાદ એશ્લેની ડ્રગ્સની લત અંગે વારંવાર આરોપ લાગતો રહે છે.

એશ્લે બાદ જો બાઈડેનનો ૫૧ વર્ષનો દીકરો હંટર બાઈડેન વિવાદમાં ઘેરાયો છે. હંટરના મેસેજ-વીડિયોઝ અને ફોટોઝ લીક થયા છે. લગભગ ૨૦૦૦ જેટલાં ફોટો-વીડિયોના આધારે દાવો કરવામાં આવી રહ્યો છે કે, હંટર બાઈડેન ડ્રગ્સ અને સેક્સ એડિક્ટેડ છે. હંટર બાઈડેનના ઘણાં ફોટોઝ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે, જેમાં તે મહિલાઓ સાથે અર્ધનગ્ન સ્થિતિમાં જોવા મળે છે. શારીરિક સંબંધ બનાવતી વખતે હંટર પોતાના અને મહિલાઓના સંબંધોનો વીડિયો બનાવે છે એવો પણ દાવો અહેવાલોમાં થયો હતો.

હંટરે મહિલાના વાળ પકડયા હોય એવો ફોટો વાયરલ થયો હતો. બે ટોપલેસ મહિલાઓ સાથેની હંટરની તસવીરો પણ લીક થઈ છે. થોડા વર્ષો પહેલાં હંટરે ઓટોબાયોગ્રાફી લખી હતી, જેમાં તેના ડ્રગ્સ, દારુ અને શારીરિક સંબંધો બાબતે એકરાર કર્યો હતો. પરંતુ અહેવાલોમાં દાવો થયો હતો કે હંટરે જેટલી ડાર્કસાઈડ બતાવી હતી એના કરતાં ક્યાંય વધારે છે.

## સુરતમાં ખાનગી હોસ્પિટલને આપવા રેમડેસિવિર નથી ને ભાજપે ૧૦૦૦ વિતરણ શરૂ કર્યું

સુરત, તા.૧૦

રાજકીય પાર્ટી રાજકારણ ખેલવામાં કેટલી હદે જઈ શકે છે એનો પુરાવો સુરતના ઉધનામાં આવેલા ભાજપ કાર્યાલય ખાતે જોવા મળ્યો છે. જિલ્લા કલેકટર દ્વારા ખાનગી હોસ્પિટલમાં રેમડેસિવિર ઈન્જેક્શન ફાળવવામાં આવશે નહીં એવી જાહેરાત કરી છે, જ્યારે બીજી તરફ ભાજપે ૧૦૦૦ ઈન્જેકશન લોકોને આપવાની જાહેરાત કરી અને ઉધના કાર્યાલય ખાતે વિતરણ શરૂ કર્યું છે. જો ખાનગી હોસ્પિટલો અને જિલ્લા કલેકટર તરફથી ફાળવવા માટે ઈન્જેકશન ન હોય તો ભારતીય જનતા પાર્ટી પાસે ઈન્જેક્શન ક્યાંથી આવ્યાં એ એક મોટો પ્રશ્ન છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર, પાટીલ દ્વારા ઉધના ભાજપ કાર્યાલય ખાતેથી ૧૦૦૦ જેટલાં ઈન્જેક્શનો દર્દીને આપવા માટેની જાહેરાત કરતાંની સાથે જ મોટી સંખ્યામાં લોકો ભાજપ કાર્યાલય ખાતે ઈન્જેક્શન લેવા માટે ઊમટી પડ્યા છે. લોકો પોતાના સંબંધી કે જે હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહ્યા છે તેમના માટે ઈન્જેક્શન લેવા માટે પહોંચી ગયા છે. જોકે સૌથી મહત્ત્વની વાત એ છે કે ભાજપ પાસે આ ઈન્જેક્શનો કેવી રીતે આવ્યાં છે. ઈન્જેક્શનનો આટલો મોટો જથ્થો ભારતીય જનતા પાર્ટીએ કોની પાસેથી મગાવ્યો છે અને કોણે ફાળવ્યાં છે એ તપાસનો વિષય બની જાય છે.

ભાજપ ઈન્જેકશન લઈને રાજકારણ રમતો હોય એવું જણાઈ રહ્યું છે. કલેક્ટર પોતે ઈન્જેક્શનો પૂરતો જથ્થો વહીવટી તંત્ર પાસે ન હોવાનું સત્તાવાર રીતે જણાવતા હોય ત્યારે ભાજપના નેતાઓ પાસે આટલા મોટા પ્રમાણમાં ઈન્જેક્શનો કેવી રીતે આવ્યાં છે, એને લઈને શહેરમાં અનેક તર્ક-વિતર્કો થઈ રહ્યા છે. શું ભાજપના નેતાઓ માત્ર રાજકારણ ખેલવા માટે જરૂરિયાતમંદ દર્દીના સંબંધીઓને પોતાના કાર્યાલય સુધી લાવી રહ્યા છે. આજે મહદંશે કોરોનાગ્રસ્ત દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શનની જરૂરિયાત છે. ત્યારે લોકોની જરૂરિયાત અને લાચારીનો લાભ લેતા હોય તેમ ભાજપના નેતાઓ ભાજપ કાર્યાલય પર બોલાવીને ઈન્જેક્શન આપી રહ્યા છે.રાજકીય નેતાઓ અને રાજકીય પક્ષો કેટલી હદે રાજકારણ રમવામાં નીચે ઊતરી શકે છે અને લોકોની જરૂરિયાતનો કેવી રીતે લાભ ઉઠાવી શકે છે એ અહીં જોવા મળી રહ્યું છે. હોસ્પિટલમાં જે ઈન્જેક્શનો પૂરતા પ્રમાણમાં હોવાં જોઈએ એ હોસ્પિટલમાં ન હોવાને બદલે ભાજપ કાર્યાલયમાં પહોંચી ગયાં છે.

જિલ્લા કલેકટર ધવલ પટેલે પહેલાં નિવેદન આપ્યું કે તમામ ખાનગી હોસ્પિટલના દર્દીઓને ઈન્જેક્શન ફાળવવામાં આવશે અને બીજે જ દિવસે તેમણે લેખિતમાં જણાવ્યું કે ઈન્જેક્શનો પૂરતો જથ્થો ન હોવાને કારણે ખાનગી હોસ્પિટલને હવે અમારા તરફથી ઈન્જેક્શન નહીં મળશે, જે ખરેખર દુઃખદ બાબત છે. જિલ્લા કલેકટર કોના દરબારમાં પોતાના નિર્ણય પરથી આ રીતે એકાએક ફરી ગયા છે, એને લઈને લોકો ચર્ચા કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# કોરોનાની રસી લેતા પહેલા અને બાદમાં શું ખાશો અને શાની પરેજી રાખશો?

*જે રીતે કોરોનાની બીજી લહેરનો પ્રકોપ જોવા મળી રહ્યો છે તે જ રીતે સમગ્ર દેશમાં રસીકરણ અભિયાન પણ ચાલી રહ્યું છે. લોકો લાઈન લગાવીને કોરોના રસી લઈ રહ્યા છે. જોકે લોકો રસીને લીધે થનારી સાઈડ ઈફેક્ટને લઈને ચિંતિત છે અને ઈચ્છે છે કે રસી લીધા બાદ તેઓ સુરક્ષિત રહે અને કોઈપણ અન્ય બીમારીમાં ન સપડાય. નિષ્ણાંતોનું કહેવું છે કે રસી લીધા બાદ વધારે સાઈડ ઈફેક્ટ ન થાય તેના માટે યોગ્ય આહાર મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. આમ તો લોકો અનેક સલાહ આપતા હોય છે. કેટલાક લોકો કહેશે કે રસી લેથા પહેલા ન્યૂટ્રિશિયસ આહાર લેવો જોઈ. કેટલાક કહે છે કે પાણી ન પીવું જોઈએ. જોકે નિષ્ણાંતોનો મત અલગ છે. જાણો નિષ્ણાંતોનું શું કહેવું છે.....*

*નિષ્ણાંતોનું માને તો શરીરમાં પાણીની માત્રા સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. જ્યારે રસી લેવા જાવ તો ખૂબ પાણી પીવું અને વધારે પાણીવાળા ફળ ખાવા. તેનાથી રસી લીધા બાદ થનાર સાઈડ ઈફેક્ટની અસર ખૂબ જ ઘટી જશે.*


*રસી લધા બાદ કેટલીક સામાન્ય સાઈડ ઈફેક્ટ જોવા મળી છે. મોટેભાગે લોકોમાં કોઈપણ સાઈડ ઈફેક્ટ ન હતી. જોકે રસી લેતા સમયે શરીરમાં પાણી પૂરતું હોવું જોઈએ પરંતુ જ્યારે આલ્કોહોલ લેવામાં આવે તો તેનાથી ડિહાઈડ્રેશનની સમસ્યા થઈ શકે છે. આ સ્થિતિમાં સાઈડ ઈફેક્ટની શક્યતા વધી જાય છે. માટે આલ્કોહોલ બિલકુલ પણ ન લેવું.*

*બ્રિટિશ જર્નલ ઓફ ન્યૂટ્રિશન અનુસાર મહામારીના આ સમયમાં શુદ્ધ અનાજ આહારમાં લેવું જોઈએ. રસી લેતા પહેલા પ્રોસેસ્ડ ફૂડનું સેવન ન કરવું. તેના કરતાં સારું રહેશે કે એવો આહાર લેવો જેમાં ફાયબર વધારે માત્રામાં હોય. આ દેશી અનાજમાં વધારે મળે છે. ઉપરાંત સુગરયુક્ત વસ્તુનું સેવન પણ ન કરવું જોઈએ.*

*રસી લીધા બાદ અનેક જગ્યાએ લોકો બેભાન થવાની ફરિયાદ આવતી રહી છે. તેના માટે જ રૂરી છે કે રસી લેતા પહેલા સંતુલિત આહાર લેવામાં આવે. સેન્ટર ફોર ડિઝિસ કન્ટ્રોલ એન્ડ પ્રીવેંશન અનુસાર રસી લેતા પહેલા પૂરતું પાણી, સંતુલિત આહાર અને સ્નેક્સ લેવાથી રસીની સાઈડ ઈફેક્ટની ચિંતા દૂર થઈ શકે છે.*

## સદાબહાર સૂર - ૧૫

### અવિનાશ વ્યાસ




અવિનાશ વ્યાસ ૫. આ એક નામ ગુજરાતીઓમાં જ નહીં બિનગુજરાતીઓમાં એટલું જ જાણીતું છે. ગુજરાતી સુગમ સંગીતમાં અવિનાશ વ્યાસનું નામ સદા મોખરે જ રહેવાનું. એમની રચનાઓ પર માત્ર ઉડતી નજર નાખીએ તો ય સમજાય કે એમની રચનાઓમાં ભરપૂર વૈવિધ્ય હતું. એમણે ગીત, ગઝલ,ગરબા કે ભજન એમ કોઈ પ્રકાર બાકી રાખ્યો નથી. મહદ અંશે ગીત-સંગીતના ચાહકો પાસેથી એક વાત તો સાંભળવા મળે જ છે કે એમણે ગુજરાતીઓને ગુજરાતમાં જ નહીં ગુજરાતની બહાર પણ ગાતા કર્યા છે.

એમની રચનાઓમાં જેટલું વૈવિધ્ય જોવા મળે છે એટલું જ કદાચ એનાથી વધારે એને સંબંધિત વિષયોમાં પણ જોવા મળશે. જેમકે એમણે આ સંસાર અને સંસારના સંબંધોને પણ એમની રચનાઓમાં આવરી લીધા છે.

જ્યારે અવિનાશ વિશે વાતની શરૂઆત કરવી હતી ત્યારે મને મારી સ્મૃતિના પટારામાંથી જ ખુલેલા ખજાનામાંથી આગળ એના સંદર્ભ મળતા ગયા અને એકમાંથી અનેક રચનાઓ યાદ આવતી ગઈ. જ્યારે એકવાર આ પટારો ખુલે એટલે એમાંથી અસંખ્ય યાદોના પડ એકપછી એક ખુલતા જાય એમ બાળપણની યાદ લગ્નના મંગળગીત અને વિદાયગીત સુધી તાજી થઈ અને એ સંબંધના તાંતણે જોડાયેલા, જન્મથી જ લોહીના સગપણે બંધાતા ભાઈ બહેનના પ્રેમની ય વાત કરી અને હવે વાત કરવી છે એ ખુબ હેતે-પ્રીતે ઉછરેલી બેનની. દિકરીના જન્મની સાથે જ સૌને ખબર છે કે તો એક દિવસ આ ઘરનું અજવાળું અન્યના ઘરને ઉજાળવાનું છે.

એ વખતે વાતની શરૂઆત તો મારા માટે જ લખાયેલા વિદાયગીતની હતી પણ કદાચ બહુ ઓછા લોકોને ખબર હશે કે વિદાયગીતની સર્જનની વાત આવે એટલે આપોઆપ એની સાથે અવિનાશ વ્યાસનું નામ જોડાઈ જ જાય. યાદ છે એક ખુબ ગવાતું વિદાયગીત?

**બેના રે..**
**સાસરીયે જાતાં જોજો**
**પાંપણ ના ભીંજાય**
**દીકરીતો પારકી થાપણ**
**કહેવાયપપ..**
**બેના રે..**

**રામ કરે સુખ તારું કોઈથી**
**નજર્યું ના નજરાય**
**દીકરી તો પારકી થાપણ**
**કહેવાય..**

ગુજરાતી ફિલ્મ ‘પારકી થાપણ’નું આ ગીત તો લગભગ ઘણી કન્યાવિદાય વખતે ગવાતું થઈ ગયું હતું અને કદાચ આજે પણ ગવાતું જ હશે અને હાજર સૌની આંખો અને હૃદયને ભીના કરી દેતું હશે. અવિનાશ વ્યાસના પુત્ર ગૌરાંગ વ્યાસે સ્વરબદ્ધ કરેલું આ વિદાયગીત ગાયું છે લતાજીએ. આ અને મહેંદી તે વાવી માળવે, પાંદડુ લીલુ ને રંગ રાતો જેવા બીજા અનેક ગીતો આજ સુધી એટલા જ લોકપ્રિય રહ્યા છે જેની રચના અવિનાશ વ્યાસ દ્વારા થઈ હતી.

પણ આ કન્યાવિદાયના ગીત સાથે સંકળાયેલી વાત તો વળી એકદમ અનોખી છે. વાત જાણે એમ બની કે આ ગીત અલકા યાજ્ઞિક ગાશે એવું નિશ્ચિત હતું પણ ગીતની શબ્દ રચના અને એમાં ગૂંથાયેલી ભાવના, એ સંવેદનાને તો લતાજીના કંઠે વ્યક્ત થાય એવી ફિલ્મ દિગ્દર્શક અરુણ ભટ્ટની મરજી. આ વિદાયગીત તો જાણે પોતાની દિકરી માટે જ લખાયું હોય એટલું પોતિકુ લાગે. આવા હૃદયસ્પર્શી ગીત માટે લતાજીના અવાજથી વિશેષ બીજો કયો અવાજ હોઈ શકે?

લતાજી તો અત્યંત વ્યસ્ત. એમની ડાયરીમાં તો કેટલાય સમય પહેલાથી દિવસો નિશ્ચિત થઈ ગયા હોય એટલે એમનો સમય તો કંઈ એકદમ તો ના જ મળે ને? પપ પણ ક્યારેક એવું બને કે ઈતિહાસ સર્જાવાનો હોય તો કલ્પના પણ ન કરી હોય એવો તાલ મળી જાય. આ ગીતના સંગીતકાર અને અવિનાશ વ્યાસના સુપુત્ર ગૌરાંગ વ્યાસ લતાજીને મળવા ગયા અને આ ગુજરાતી ગીત માટે એમણે સમયની સાથે પોતાનો કંઠ પણ આપ્યો. સામાન્ય વાયકા એવી છે કે લતાજી ક્યારેય સાંજે ગાતા નથી પણ આ ગીત માટે સાંજનો સમય અને સ્ટુડિયો નિશ્ચિત થયો હતો એ એમણે વિફળ ન જવા દીધો. ખૈયામ સાહેબ માટે મુકરર થયેલો સમય લતાજીએ આ ગીત માટે




# પાલનપુર: ભેંસ જોવાના બહાને વ્યક્તિને ઘર બહાર બોલાવી કર્યું ફાયરિંગ

પાલનપુર, તા.૧૦

બનાસકાંઠા જિલ્લાના ભાગળ ગામ ખાતે સટ્ટાના પૈસાની લેવડદેવડ મામલે ફાયરિંગ (ક્ષૈહિપ્ક્ષ) થયું હોવાની ઘટના સામે આવી છે. જેમાં કારમાં આવેલા ચાર શખ્સોએ ફાયરિંગ કરતા એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે પાલનપુર તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર અર્થે ખસેડ્યો હતો. પોલીસે ફાયરિંગ કરનાર ચાર શખ્સો સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી પ્રમાણે પાલનપુર તાલુકાના ભાગળ ગામે રહેતા ઈમરાન આગલોડિયા ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરે છે. બે વર્ષ અગાઉ સટ્ટાના પૈસાની લેવડદેવડ મામલે ઈમ્તિયાઝ મેવાતીને માર મારતા તેમની સામે ફરિયાદ નોંધાઈ હતી. જે બાદ સટ્ટાના પૈસાની લેવડ દેવડની અદાવતમાં ઈમ્તિયાઝ મેવાતીના પુત્ર અક્રમ મેવાતી સહિત ચાર શખ્સોએ ઈમરાન પર ફાયરિંગ કરી ગંભીર ઈજા પહોંચાડી હતી.

ગત મોડી રાત્રે ભાગળ ગામ ખાતે ઈમરાનભાઈ પોતાના ઘરે હતા. આ સમયે અક્રમ મેવાતી સહિત ચાર શખ્સો કાળા કલરની ઈનોવા કારમાં આવ્યા હતા અને ભેંસો જોવાના બહાને ઈમરાનભાઈને ઘરની બહાર બોલાવ્યા હતા. ઈમરાનભાઈ બહાર આવતાની સાથે જ જૂની અદાવત રાખી ઉશ્કેરાયેલા અક્રમ મેવાતીએ ઈમરાનભાઈ પર પિસ્તોલથી ફાયરિંગ કર્યું હતું.

હુમલામાં ઈમરાનભાઈને ડાબા પગમાં ગોળી વાગતા ગંભીર ઈજા પહોંચી હતી. હુમલા બાદ ચારેય શખ્સો ત્યાંથી નાસી ગયા હતા. બનાવને પગલે આજુબાજુના લોકો અને પાલનપુર તાલુકા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી.

# ૨૭ વર્ષથી માનવસેવાનો ભેખ ધારણ કરનાર હરખચંદ સાવલા

મુંબઈમાં ટાટા કેન્સર હોસ્પીટલની બહાર ઉભો ઉભો એક ૩૦ વર્ષનો યુવાન કંઈક નિરિક્ષણ કરી રહ્યો હતો. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ આ યુવાનના ચહેરા પર ચિંતાના વાદળો ઘેરાતા ગયા. ત્યાંથી પસાર થતા લોકો આ યુવાનની લાચાર સ્થિતીને જોઇને મનમા વિચારતા હતા કે બીચારો પોતાના કોઇ સગાવહાલાની સારવાર કરાવવા માટે આ હોસ્પીટલમાં આવ્યો હશે અને હવે પોતાના સ્નેહીને કાયમ માટે ખોઇ દેવાના ભયથી આમ ગાંડાની જેમ ત્યાંથી પસાર થઇ રહેલા માણસોને જોઇ રહ્યો છે.




વાસ્તવિકતા કંઇક જુદી જ હતી. આ યુવાનના કોઇ સગા-સંબંધીને હોસ્પીટલમાં દાખલ કરેલા ન હતા. યુવાન તો માત્ર મૃત્યુના દરવાજા પર આવતા દર્દીઓ અને અને તેના સંબંધીઓના ચહેરાને વાંચી રહ્યો હતો. નાના નાના ગામડામાંથી સાવ સામાન્ય સ્થિતીના અનેક લોકો આ કેન્સર હોસ્પીટલમાં સારવાર કરાવવા માટે આવતા હતા. ક્યાં જવુ ?, ક્યાં રહેવુ?, શું ખાવુ?, દવા ક્યાંથી લાવવી? આવા ઢગલાબંધ પ્રશ્નો હતા આ બિચારા ગામડીયા લોકોના, પણ મદદ કરનાર કોઇ ન હતુ.આ બધા લોકોને જોઇ રહેલા પેલા યુવાનને આ સામાન્ય લોકો માટે કંઇક કરવાની ઇચ્છા થઇ. આંખમાં આંસુ સાથે એ હોસ્પીટલ છોડીને ઘરે આવ્યો પણ એને નહોતુ ખાવુ ભાવતુ કે નહોતી ઉંઘ આવતી. આ લાચાર અવસ્થામાં કેન્સરની સારવાર કરાવવા આવતા લોકો માટે હું શું કરી શકુ? આ બધા મારા સગા ભાઇબહેન ભલે ન હોય પણ એક જ ભગવાનના સંતાન હોવાના નાતે તો મારા ભાઇબહેન જ છે. મારે આ બધા માટે કંઇક કરવુ છે.

આ યુવાને પોતાની હોટલ અને બીઝનેશ બીજાના હવાલે કર્યો અને એમાંથી જે કંઇપણ રકમ મળી તેમાંથી નાના પાયા પર એકલા હાથે ટાટા કેન્સર હોસ્પીટલની સામે જ પોતાની સેવાની પરબ ચાલુ કરી. દર્દી અને દર્દીના સગાને મફત ભોજન અને મફત દવા આપવાની શરુ કરી. આજથી ૨૭ વર્ષ પહેલા એકલપંડે માત્ર થોડા લોકોને મદદ કરતો આ યુવાન આજે ૫૭ વર્ષની ઉંમરે રોજના ૭૦૦થી વધુ દર્દીઓ અને એના સંબંધીઓને મફત જમવાની તથા મફત દવાની સેવા પુરી પાડે છે.એમણે જીવનજ્યોત ટ્રસ્ટની સ્થાપના કરી છે અને આ ટ્રસ્ટ માનવસેવાના ૬૨ જેટલા વિવિધ પ્રોજેક્ટ ચલાવે છે. એમણે ‘દવાની બેંક’ શરુ કરી કે જ્યાં દવાઓ દાનમાં મળે અને એ દવાઓ જરુરીયાત વાળા લોકોને પહોંચે. આ કામગીરી માટે એમણે ૩ ફાર્માસીસ્ટને પણ રાખેલા છે. એમણે એક ‘રમકડાની બેંક’ પણ સ્થાપી છે જ્યાં લોકો પોતાને ત્યાં વધારાના રમકડા હોય તો આ બેંકમાં જમા કરાવે અને આ રમકડા કેન્સરથી પીડાતા નાના-નાના બાળકોને આપવામાં આવે કે જેથી આ નાના ભૂલકાઓ યમરાજાથી ડરવાને બદલે રમકડાથી રમી શકે.

૨૭ વર્ષથી માનવસેવાનો ભેખ ધારણ કરનાર આ ઓલિયાનું નામ છે હરખચંદ સાવલા. હરખચંદને કોઇ મોટા એવોર્ડસ કે સન્માન નથી મળ્યા અને છતાય આ માણસ ટાઢ, તાપ કે વરસાદને અવગણીને સતત કેન્સર પીડીતોની સેવા કરી રહ્યો છે. આપણે નાનુ સેવાકાર્ય કરીને પણ ફળની અપેક્ષા રાખીએ છીએ અને આપણી એ સેવાની કોઇ નોંધ ન લે તો દુઃખી થઇ જઇએ છીએ. હરખચંદ સાવલાના સેવા કાર્યની જેટલી લેવાવી જોઇએ એટલી નોંધ નથી લેવાઇ અને તો પણ એ મોજથી સેવા કરે છે.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૪૭)

### વર્ષા જાની

જીવનનું સનાતન સત્ય એ છે કે ઘણીવાર માણસ જ્યારે સામે હોય... એટલે કે જીવતો હોય, સાથે રહેતો હોય ત્યારે કોઈને એની કદર હોતી નથી.એ બધાને માટે ચિંતા કરી કરીને તૂટી મરે, મારું ઘર, મારાં બાળકો, મારો પરિવાર.. પણ છતાંય એ અણગમતો થઈ પડે છે! એનાં માટે પરિવાર દ્વારા,સન્તાનો દ્વારા કોઈ લાગણી, સહાનુભૂતિ દર્શાવવામાં આવતી હોતી નથી. જીવતો માણસ રડી રડી ને કહે છે,


મારી સાથે રહો મારે
તમારી જરૂર છે
અને મરી ગયા બાદ લોકો
રાડો પાડીને રડે છે,
તું અમને મૂકીને ક્યાં
ચાલ્યો ગયો! કેટલું કડવું સત્ય!

સમગ્ર દેશમાં ઠેકઠેકાણે ઘરડાંઘરો ખુલ્યા છે. અને ખુલતા જ જાય છે.દિવસે ને દિવસે એમાં વધારો થઈ રહ્યો છે.આ સમાજની કડવી વાસ્તવિકતા નથી શું? ભારતીય સંસ્કૃતિ તો સયુંકતકુટુંબમાં રહેનારી, સંયુક્ત કુટુંબમાં માનનારીઅને એ પરંપરાથી ઘડાયેલી છે. આપણા પૂર્વજો એક જ છત નીચે ત્રણ ત્રણ, ચાર ચાર પેઢી સુધી હૂંફ અને લાગણીથી એકબીજાને પોતાના ગણીને રહેતા હતાં. સુખદુઃખનો રોટલો એક ભાણામાં સાથે બેસીને આરોગનારા હતાં.આખી શેરીમાં કે ડેલીમાં પણ સારા માઠા પ્રસંગે એકબીજાને ખભેખભા મિલાવીને ઓથ બનીને ઊભા રહેતા. લંગોટિયા ભાઈબંધ એક થાળીમાં ખાવાનું ખાતા પણ અભડાતા ન હતાં!

જ્યારે આજે તો એક કુટુંબમાં પણ કોઈ કોઈનું બનીને ઊભું રહેતું હોતું નથી!આજે આપણે જ્યાં ત્યાં એવી એવી બુમરાણ સાંભળી રહ્યાં છીએ કે પશ્ચિમની સંસ્કૃતિ ભારતમાં ઘર કરી ગઈ છે! સમાજમાં જ્યાં જુઓ ત્યાં માનવતા જ મરી પરવારી છે.સંતાનો મોટાં થાય એટલે પોતાની સ્વતંત્રતા જાતે જ મેળવી લે છે. કેળવી લે છે. આજની યુવાપેઢીને માતાપિતાની, વડીલોની એક પણ વાત સહેજેય જચતી નથી. કે પચતી પણ નથી. એ કોઈનું સાંભળવા તૈયાર જ નથી! એનું પરિણામ એ જોવા મળે છે. કે કુટુંબ વિખરાઈ રહ્યાં છે છે.તૂટી રહ્યાં છે .ઘર, કુટુંબથી દૂર રહેતા સંતાનો માબાપ પ્રત્યેની પોતાની જવાબદારીથી છટકી જાય છે!પોતાની ફરજ ભૂલી જાય છે.

આજનો માણસ લાગણીશૂન્ય બનતો જાય છે.આ બાબત માટે કોને જવાબદાર ગણાવી શકાય? સમાજ, શિક્ષણ સંસ્કાર કે સંકૃતિમૂલ્યોનું ખંડન!

આજનું કમ્પ્યુટર યુગનું બાળક જ જુઓ, એને કોઈ સમૂહમાં રહેવાનું ગમતું હોતું નથી. કેમકે એનાં ઘડતરમાં દાદા, દાદી, નાનાં નાની કે કોઈ વડિલોની હૂંફ એને મળી જ નથી હોતી! ટીવી, મોબાઈલ, કમ્પ્યુટર જેવાં લાગણી વિહીન ડિજિટલ ઉપકરણોની વચ્ચે ઘેરાયેલા એ કુમળા માનસને કોઈ કસોટીની એરણ પર ખરાં ઊતરીને ટીપાયેલા માનસની હૂંફ મળતી હોતી નથી. તેથી એ બાળ માનસ એકદમ જિદ્દી અને મનમાની કરતું



થઈ જાય છે. જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ એનાં સ્વભાવમાં અક્ક્ડપણું વધતું જાય છે. જે આગળ જતાં જીવનમાટે ઘણું ઘાતક પુરવાર થાય છે.

આજના એકલસુડા માણસને એની આજબાજુમાં કોણ કોણ રહે છે? એનીપણ ખબર હોતી જ નથી. સવારથી રાત સુધી નોકરીની દોડધામ ચાલતી હોય! થાક્યો પાક્યો ઘરે આવે એટલે મોબાઈલ પીછો ન છોડે! આમ ને આમ સમય પસાર થયાં કરે, સમય બચાવવા માટે જે સાધનોની શોધ કરવામાં આવી, એ જ સાધનો આજે માણસનો મોટાભાગનો સમય ખાઈ જાય છે!

બધાને ચોવીસ કલાક જ મળે છે. પણ કેટલાંક સમય વેડફી જાણે છે તો કેટલાંક સાચવીને વાપરે છે..

આ સમયનું સોનું, વાપરી
જાણ્યું, ફાવ્યું તેમ..
હવે હાથ રહે ના હેમ..
જે સમયને સાચવી
જાણે,તને સમય સાચવી જાણે!

એમાં જરાય અતિશયોક્તિ નથી.

વર્ષા જાની
ભાવનગર
Dt.11 એપ્રિલ,૨૦૨૧

# સુરતમાં મહારાષ્ટ્રથી ‘સંક્રમિતો‘નાં ધાડેધાડાં આવે છે એની કોઈ રોકટોક નહીં

સુરત, તા.૧૦

સુરત શહેરમાં કોરોના વિસ્ફોટ થતાં વેપાર-ધંધાને સ્વૈચ્છાએ બંધ કરવા તંત્ર અપીલ કરી રહ્યું છે, જ્યારે બીજી તરફ, મહારાષ્ટ્ર સહિત બહારથી ટ્રેનમાં આવતા મુસાફરોથી ફેલાતું સંક્રમણને રોકવા વહીવટી તંત્ર કેટલું સક્રિય છે એની વાસ્તવિકતા જાણીને તમને આશ્ચર્ય થશે. સુરતમાં મહારાષ્ટ્રથી આવતા મુસાફરો મોટી સંખ્યામાં ઉધના રેલવે સ્ટેશન ઉપર જોવા મળે છે. જોકે ત્યાં ટેસ્ટિંગની કામગીરીમાં મોટી ક્ષતિ સામે આવી છે. હજારો મહારાષ્ટ્રથી આવનારા મુસાફરાનાં ટેસ્ટિંગને લઈને મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. ઉધના સ્ટેશન ઉપર ત્રણ ગેટ આવેલા છે, માત્ર એક ગેટ પર થોડેઘણે અંશે કોરોના ટેસ્ટિંગ માટેની કામગીરી થાય છે.

સુરત રેલવે સ્ટેશન ઉપર છેલ્લા ઘણા દિવસથી ટેસ્ટની કામગીરી શરૂ કરવામાં આવી છે, પરંતુ મુસાફરોનો ધસારો એટલી હદે હોય છે કે દરેકનું ટેસ્ટિંગ કરવું અશક્ય બની જાય એવું છે, તેમાં પણ વિશેષ કરીને મહારાષ્ટ્રમાં જ્યારે કોરોના બેકાબૂ થયો છે ત્યારે ત્યાંથી આવતા લોકો માટે ઇ્ૅ-ઝ્રઇ રિપોર્ટ જરૂરી હોવાનું સરકારે જાહેર કર્યું છે, પરંતુ એનો યોગ્ય રીતે અમલ થતો નથી. સુરતના ઉધના સ્ટેશન ઉપર ત્રણ ગેટ આવેલા છે, માત્ર એક ગેટ પર થોડેઘણે અંશે કોરોના ટેસ્ટિંગ માટેની કામગીરી થાય છે. અન્ય ૨ બે ગેટ પર મુસાફરો ઇ્ૅ-ઝ્રઇ રિપોર્ટ પણ કોઈને બતાવતા નથી અને ટેસ્ટિંગ પણ કરતા નથી. એમ જ સીધા શહેરમાં પ્રવેશી જાય છે, જે ખરેખર સુરત શહેર માટે ખૂબ જ મોટું જોખમ છે.

મોટા ભાગે મહારાષ્ટ્રથી ટ્રેનમાં આવનારા મુસાફરો સીધા ઉધના રેલવે સ્ટેશન ઉપર ઊતરે છે, જેનું સૌથી મહત્ત્વનું કારણ એ છે કે ઉધના રેલવે સ્ટેશનથી મહારાષ્ટ્રિયન લોકોની વસતિ ઉધના પાંડેસરા અને લિંબાયત વિસ્તારમાં જોવા મળે છે, જ્યાં તેમના સંબંધીઓ રહેતા હોય છે, તેથી સુરત રેલવે સ્ટેશન પર ઊતરવાને બદલે તમામ મહારાષ્ટ્રના મુસાફરો ઉધના રેલવે સ્ટેશન ઉપર ઊતરવાનું પસંદ કરે છે. તેથી વહીવટી તંત્રે આ બાબતને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અસરથી ઉધના રેલવે સ્ટેશન ઉપર આરોગ્ય વિભાગની ટીમને બેસાડીને ગંભીરતાપૂર્વક તમામ મુસાફરોનું ટેસ્ટિંગ કરવું અત્યંત આવશ્યક બની જાય છે.

મોટી સંખ્યામાં રેલવે સ્ટેશન ઉપર મુસાફરો આવી રહ્યા છે. એ ખરેખર ખૂબ જ ગંભીર સ્થિતિ છે. અત્યારે પણ સુરત સિવિલ હોસ્પિટલની અંદર મહારાષ્ટ્રના મોટા ભાગના દર્દીઓ જોવા મળી રહ્યા છે. ત્યારે નંદુરબાર, ભુસાવલ તરફથી આવનારા લોકોનું કોરોના ટેસ્ટિંગ થાય એ ખૂબ જ જરૂરી છે, નહીં તો હજી પણ શહેરની સ્થિતિ આના કરતાં ખરાબ થઇ શકે છે.

# સુરતઃ મહિલા ટીઆરબીને પ્રેમી ટીઆરબીએ ધુલિયા જઈ બ્રિજ પરથી નદીમાં ફેંકી દીધી

સુરત, તા.૧૦

શહેર પોલીસની ટ્રાફિક બ્રાંચમાં ફરજ બજાવતી મહિલા ટીઆરબીની સહકર્મી પ્રેમીએ હત્યા કરી હોવાનો ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે. લગ્નના મુદ્દે ચાલી રહેલા ડખામાં ટીઆરબી રાહુલે પ્રેમિકાને મહારાષ્ટ્રના ધુલિયા લઇ જઇ બ્રિજ પરથી ધક્કો મારી નદીમાં ફેંકી દીધી હતી. લાલગેટ પોલીસે પ્રેમિકાની હત્યાના કેસમાં આરોપી ટીઆરબી રાહુલની અટકાયત કરી હતી. મળતી વિગતો પ્રમાણે સૈયદપુરા-કાંસકીવાડ ખાતે ભાડાના મકાનમાં રહેતી કાજલ મનોજભાઇ મિશ્રા (ઉ.વ.૨૬) ટીઆરબીમાં ફરજ બજાવતી હતી.

મુળ મહારાષ્ટ્રની વતની કાજલને ટીઆરબીમાં જ ફરજ બજાવતા રાહુલ નામના યુવક સાથે છેલ્લાં છ માસથી પ્રેમસંબંધ હતો. ઉધનામાં રહેતો ટીઆરબી રાહુલ અવરનવર તેણીને ઘરે પણ આવતો હતો. દરમિયાન રાહુલે કાજલ સાથે લગ્ન કરવાનો ઇક્કાર કરી દીધો હતો. જે મુદ્દે બંને વચ્ચે ઝઘડા ચાલતા હતા. કાજલ લગ્ન નહિ કરે તો ખોટાં કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપતી હતી.દરમિયાન ગત તા.૨૯મી માર્ચથી કાજલ ભેદી રીતે ગાયબ થઇ ગઇ હતી. મહારાષ્ટ્ર રહેતા દાદી સાથે રોજ ફોન પર વાત થતી હોય સપ્તાહથી કોલ નહિ આવતા તેમણે સુરત આવી તલાશ કરી હતી. કોઇ ભાળ નહિ મળતા લાલગેટ પોલીસમાં મીસિંગની ફરિયાદ આપી હતી. ત્યારબાદ દાદી સહિતના પરિવારજનોને કાજલનું અફેર રાહુલ સાથે ચાલતું હોવાની જાણ થઇ હતી.

દાદી સહિતના પરિજનોએ રાહુલના ઘરે જઇ તપાસ કરતા રાહુલે ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું અને હોસ્પિટલમાં દાખલ હોવાની જાણ થઇ હતી. જેથી પરિવારજનોએ રાહુલ પાસે જઇ કાજલ સાથે શું થયું છે તેની વિગતો જણાવવા કાકલૂદી કરી હતી. આખરે રાહુલ ભાંગી પડયો હતો અને કાજલના દાદી સમક્ષ સમગ્ર હકીકત જણાવી હતી.

પોલીસના જણાવ્યા પ્રમાણે કાજલના ટોર્ચરિંગથી કંટાળી રાહુલ તેને લઇ તા.૨૯મી માર્ચે મહારાષ્ટ્ર લઇ ગયો હતો. અહીં બીજા દિવસે તા.૩૦મીએ સવારે ધુલિયા પાસેના એક બ્રિજ પર લઇ જઇ અહીં ધક્કો મારી તેને નદીમાં ફેંકી દીધી હતી.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001